નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ-સામયિક)

ઓગસ્ટ - ઓક્ટોબર ૨૦૧૫ વર્ષ – ૪ અંક – ૪-૫ સળંગ અંક – ૨૧-૨૨



તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

o 'નિસ્યંદન' વિશે

o મૂલતઃ ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ : આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o 'નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો :
અમારી વેબસાઇટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઇડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી submit કરો.

અથવા

https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ
કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા.
કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો. બ્લોગ / વેબસાઇટ પર મૂકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં.*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર/ લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા - યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ - http://yogish.co.in

o બ્લોગ - http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ https://www.facebook.com/Nisyandan

પરામર્શક
જનક દવે
સાહિલ
શશિકાંત ભટ્ટ 'શૈશવ'
જિતુ પુરોહિત

*

આ અંકના ફોટો-કલાકાર
કારસ ઈયોનુત્સ
(Caras Ionut)

*

પરિકલ્પના અને સજાવટ
યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ
જિતુ ત્રિવેદી

*

અક્ષરાંકન
ભૂલોક દવે

*

ટેકનિકલ સહયોગ
ગુંજા વૈદ્ય મંદાર દવે

અનુક્રમ

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો)

સંપાદકીય



એક સવાલ આજકાલ મનમાં ઘૂમરાઈ રહ્યો છે - કવિ મોટો કે કવિનો શબ્દ મોટો?
ઘણી રખડપટ્ટી પછી હાલ પૂરતો તો હું તેલુગુના પ્રખ્યાત કવિ કે. શિવા રેડ્ડીની કવિતા પાસે આવીને અટક્યો છું.

આપણાં પ્રાણમાંથી સહેજસાજ પ્રાણ લઈ
કવિતામાં પ્રાણ ફૂંકવા પડશે.
ધીમે ધીમે આપણું આયુષ્ય ઘટતું જશે
અને કવિતાની ઉંમર વધતી જશે.

એ શબ્દ કે જેને વેદોમાં બ્રહ્મરૂપ કહ્યો છે તે અવતરે છે કવિ દ્વારા, કવિમાંથી. આકારથી પર અરે ! અર્થથી પણ પર એવા શબ્દને અર્થ અને આકારમાં ઢાળવો એ કોઈ આસાન કામ નથી જ નથી. આ કઠીન કામ પાર પાડતો કવિ કોઈ પણ માપપટ્ટીથી માપતા નાનો તો ન જ હોઈ શકે.

પોતાની જાતને તપાવી તપાવીને
લાલ લોહીમાં બદલી ન નાંખીએ ત્યા સૂધી
આપણે ઇચ્છેલા આકારની અને આત્માની કવિતા
પ્રાપ્ત થતી નથી.
દરરોજ હું મારી હત્યા કરી નાંખું છું.

આ શબ્દ, આ કવિતા પર કવિનું જ આધિપત્ય ? કવિતા એ કવિની જ અંગત જણસ ? ના, બિલકુલ નહીં. કાવ્યસર્જન સાથે જ કવિતાનું કવિથી નાડ-છેદન થઈ જાય છે. ખુદ કવિને ખબર નથી હોતી કે પોતાનાથી સર્જાયેલો શબ્દ ક્યારે અને કેટલો મોટો થઈ જશે. જાણે આ આખી પ્રક્રિયામાં કવિ તો માત્ર માધ્યમ. પોતાની ભીતરે અને બહાર જે બનતું રહે સર્જન સંદર્ભે, તેને તે સાક્ષી ભાવે જોતો રહે, અનુભાવતો રહે. આ વર્ણવી ન શકાય તેવી ઘટનાનું નિમિત્ત થવાનો આનંદ પણ અકથ્ય. દરેક કવિએ અને દરેક કવિતાએ સાવ અલાયદો પણ ખરો! અને આ અનુભવ જ કવિનો સાચ્ચો પુરસ્કાર, પ્રતિષ્ઠિત એવોર્ડ. સભાગૃહોની પોરસાવતી તાળીઓ પણ આ જ. આ બધું પોતાનું જ હોવા છતાં પોતાનું કશું જ નહીં.

મારું જ સ્તન-પાન કરીને
અક્ષર મારી જ સામે મોટા થવા લાગે છે.
તેમના અનેક ચહેરાઓમાં અને અનેક રૂપોમાં
મારા આત્માનો સાર જીવિત થઈ ઊઠે છે.

કવિ કે. શિવા રેડ્ડીની આ કવિતા વાંચ્યા પછી મારો પ્રશ્ન તો હલ થઈ જવો જોઈએ. પણ આજકાલ ન જાણે કેમ જ્યારે જ્યારે હું સાંપ્રત તરફની બારી ઉઘાડું છું તો પેલો પ્રશ્ન ફરીથી વેતાળ થઈને મારા ખભે ચડી જાય છે : હેં ભાઈ ! કવિ મોટો કે કવિનો શબ્દ મોટો?

O યોગેશ વૈદ્ય

તારીખ: ૩૧. ૧૦. ૨૦૧૫


o વૃદ્ધ-અષ્ટક

o કમલ વોરા



૧

એ
એક સાંધતો નહીં
તેર તૂટશે બત્રીશ છૂટશે
ચોસઠ ખૂટશે
એની એને ખાતરી હતી.
જાણતો
ઘટમાં થનગનતા ઘોડા
ઠેકવા જતાં ભાંગી પડ્યા છે
કાચના યંત્રે
ખરી કે ખોટી
સારી કે નઠારી વસ્તુ ભાસતી નહોતી
ધુમાડો ધુમાડો થઈ ગયેલું મન
ઠરતું નહોતું, ઠેરતું નહોતું.
આ ત્રણેને નહીં રફૂ નહીં રેણ.
જોતો
એને ચહેરો છે, આંખો નહીં
કાન છે, સાંભળવું નહીં
હાથ છે, અડવું નહીં
હોઠ છે, બોલવું નહીં
તૂટું તૂટું થઈ
એક પછી એક તૂટતા ટેભાને જોતાં
ભાંગ્યું ભાંગ્યું તોયે ભરૂચ છું કહી
જાતને ફોસલાવી તો લેતો
પણ પૂરેપૂરો વાકેફ હતો
હવે
શ્વાસ જ હતો, જીવવું નહીં.





૨

જીવતેજીવત
બોધ તો થઈ ગયેલો : જીવવું અઘરું છે
પણ મરવું એથીય અઘરું
એની ખબર તો છેક
જીવ તાળવે ટીંગાયો ત્યારે પડી
એણે ધારી રાખેલું
એક વસ્ત્ર ઉતારવાનું અને બીજું પહેરવાનું
પણ સાવ સામે ઊભું રહી ડાકલાં વગાડતું
એકધારું ઘોંચપરોણા કરતું
છાતી પર ચડી જઈ છાણાં થાપતું
શ્વાસમાં ફૂંફાડાભેર ઊતરી જતું
હાડના પોલાણોમાં ધમપછાડા કરી આવતું
મરવું
આમ થકવી હંફાવી હરાવી દેશે
એવું સપનેય નહોતું વિચાર્યું
એ અઢળક કાકલૂદી કરતો
ક્યારેક વહેમ થતો :
આ મરણને તો
મારવા કરતાં રંજાડવું વધારે
ને નિરાધાર એ તૈયાર પણ થતો
પણ સાંભળવું તો ક્યારનું ગયું હોવા છતાં
જ્યારે કોઈ વાર
-કોણ જાણે ડોસાનો જીવ શેમાં અટવાયો છે
તે મરવાનું નામ નથી લેતો – શબ્દો કાને પડી જતા
સમજાઈ પણ જતા
ત્યારે મરવાની અણી પર બોધ થઈ જતો :
ન મરી શકવું સહુથી અઘરું....

૩

ફૂલ-પાંદડાંથી ભરચક્ક એક ડાળખી
ઝૂકી આવે છે બારી પર.
એકાદ-બે પીળી પાંદડીઓ ખરી પડીને
બારીના કાચને વળગી રહેશે.
થોડી વારમાં એક રાતું પતંગિયું
પાંદડીઓ વચ્ચે ગોઠવાઈ પાંખો ફફડાવશે
ત્યારે તેની ઝાંય
અંદર ઓરડાના મેજ પર આછું ધ્રૂજતા
તડ પડી ગયેલા ચશ્માંમાં અટવાતી કપાઈ જશે.
હેઠળ
કોરા કાગળ ફડફડતા રહેશે.
તરડાઈ ગયેલી ટાંકમાંથી શાહીનું ટીપું
ટપકતું – ન ટપકતું અટક્યું હશે.
ભોંય પર પાથરેલા ગાદલામાં પડી ગયેલ સળ
દાબમાં ખૂંપી ગૂંચળું વળી ગયા હશે.
પાસે પડેલા
ચપ્પલની તૂટી ગયેલી પટ્ટી હજુ ઊંચીનીચી થતી હશે.
આડી પડેલી લાકડી હલબલતી હશે,
તાંબાના કળશમાં પાણી આછર્યું નહીં હોય,
સૂરજ બારીને ઓળંગે ત્યાં સુધી
ઓરડો આખો તડકાથી છલોછલ ઊભરાતો હશે.
આવશે એમ જ અચાનક
પતંગિયું ઊડી જશે
અને ડાળખી સીધી થઈ
ફરી હવામાં ઝૂલવા લાગશે.
બારીના કાચની બન્ને તરફ
પાંખોની છાયા ઊડાઊડ કરતી રહેશે.



૪

એ
ડગલાં માંડતો
એના કરતાં વધુ લથડતો
લથડતો એના કરતાં વધુ ઠેબાં ખાતો
ઠેબાં ખાતો એનાથી વધારે વાર
ચાલવાનું માંડી વાળતો
દેખતો ઓછું ભરમાતો ઝાઝું
અડતો, ફંફોસતો
પણ હાથ કંઈ આવતું નહીં
સાંભળવા કરતાં બોલતો વધુ
બોલવા કરતાં ખાંસતો વધુ
થોથવાતો વધુ હાંફતો વધુ અને
ચૂપ થઈ જતો
ચૂપ રહેતો ત્યારે ધૂંધવાતો
ધૂંધવાતો તે કરતાં વધુ ઝડપે શાંત થઈ જતો
ઘરડા થવું એટલે
પથ્થર જેવા થતા જવું
એવો આછો વિચાર ઊભરાતોય ખરો
પણ એ ખરેખરનો પથ્થર જ હોય એમ
એ અણસાર સુધ્ધાં ખોઈ બેસતો
બેઠો રહેતો, ઊંઘતો જાગતો
સપનામાં સરી પડતો.....
સપનામાં
એ ડગલાં માંડતો
એના કરતાં વધુ લથડતો વધુ ઠેબાં ખાતો

૫

દેખાતો એના કરતાં એ વધુ ઘરડો હતો
અને હતો એના કરતાં
ઓછો ઘરડો છે એવું માનતો
ઘડપણ કરે એના કરતાં વધુ
શરીર અને મન વચ્ચે વધતા જતા આ અંતરથી
એ હેરાન થતો
અંતર ઘટાડવાનાં હવાતિયાં
શરીરને મનની
તો ક્યારેક મનને શરીરની નજીક લઈ જવા મથતાં
પણ વિચિત્રતા ઘટતી નહીં
ઊલટું, છેટું પડી જતું
એવુંય ઘણી વાર મન કરતો કે
મનને તાળાકૂંચીમાં મૂકી દે
અથવા તો શરીરને ગણતરીમાં જ ન લે
પણ દર વખતે કૂતરું ગામ ભણી અને
શિયાળ સીમ ભણી તાણેના ઘાટમાં
એ વધુ ગૂંચવાઈ જતો
પાકે ઘડે કાંઠા ન ચડતા
આ ખોરવાઈ ગયેલા લયનો
કોઈ ઉપાય જડતો નહોતો
આ કારણે
એ ઘરડો નહોતો ત્યારથી
એને ઘડપણ વરતાયું હતું
એને ઘરડો થવા છતાં
ઘડપણ એને સમજાતું નહોતું.



૬

એને ખબર પડતી નહોતી
એ ઘરડો થઈ ગયો હતો
એટલે એકલો પડી ગયો હતો
કે એકલો પડી રહ્યો હતો
એટલે ઘરડો થઈ રહ્યો હતો

એને ખબર પડતી નહોતી
આમ ને આમ ક્યાં સુધી એ ઘરડો થશે
આમ ને આમ એકલો

એને ખબર પડતી નહોતી
ઘડપણ સારું
કે એકલતા

એને ખબર પડતી નહોતી
એને હતો-ન હતો ઘડપણે કરી દીધો હતો
કે એકલતાએ
બીજમાં વૃક્ષ કે વૃક્ષમાં બીજની જેમ
એને ખબર પડતી નહોતી
એને ખબર પડી નહોતી
એને ખબર પડવાની નહોતી

પણ એને ખબર પડતી હતી
એ ઘરડો થઈ ગયો હતો
અને
એ એકલો પડી ગયો હતો.

૭



વૃદ્ધાવસ્થા એ જીવનનો કપરો તબક્કો છે
ઉંમરનો તકાજો કોઈને છોડતો નથી
ઉંમરની સાથે ખોરાક અને ઊંઘ ઓછી થઈ જાય છે
શરીર અને મન ભાંગી પડે છે અને
અજ્ઞાત ભયો સતાવ્યા કરે છે
શરીરથી પડછાયો મોટો થવા લાગે ત્યારે
સૂર્યાસ્ત નજીક હોય છે

એણે કંટાળીને છાપું હડસેલી દીધું અને
બારીબહાર જોવાનો પ્રયત્ન કર્યો
પછી મન બીજે પરોવવા
બેઠાં બેઠાં જ પાણી લેવા હાથ લંબાવ્યો
પણ હાથ ટૂંકો પડતાં પાણી ભોંયપર ઢોળાઈ ગયું
રેલા પાછળ એની નજર થોડીક આગળ ગઈ
એ જેમ તેમ ઊભો થયો, લથડ્યો
બે ડગલાં આઘી બારી સુધી પહોંચતાંમાં તો
એના રામ રમી ગયા
થોડેક આઘે એક ઝાડ નીચે
કોઈ વૃદ્ધ દંપતી બેઠું હોય એમ એને લાગ્યું
એને એવું અનુમાન કરવું ગમ્યું કે
સવારના સોનેરી તડકામાં એમના ચહેરા ચમકી રહ્યા હશે
એને ગળા સુધી ખાતરી હતી કે
બન્ને જણ મલકતાં હશે અને
એમણે એકમેકના હાથ છોડ્યા નહીં હોય
બારીની સાખ પકડી રાખવા
એને ખાસ્સી મથામણ કરવી પડતી હતી એટલે
એણે જેમતેમ પારોઠનાં પગલાં ભર્યાં અને
એની બેઠક પર
તડકાએ આગોતરા પહોંચાડી દીધેલા
એના જ પડછાયા પર
એ ધબ્બ કરતો બેસી પડ્યો
ફડફડતા છાપાના અવાજે એને ડરાવી દીધો
પાનાનો ડૂચો કરી ફેંકવા મથ્યો
પણ હમણાં હતી તે બારી કેમ દેખાતી નહોતી ?
કે અમથી ભ્રમણા જ થયેલી ?
એને સમજાયું નહીં.

ચીમળાતી આંગળીઓ વચ્ચે ફસાઈ ગયેલા ડૂચામાંથી
કાળા અક્ષરો એક પછી એક બહાર નીકળવા લાગ્યા
ઊંચકાઈને અદશ્ય તાંતણા પર સરકતા
એની ઉઘાડબંધ થતી આંખોમાં
ઊતરવા લાગ્યા

૮

છે.......ને....એક વખત એક હતો ડોસો
ને એક હતી ડોસી

એક સાંજે
ડોસોડોસી ઘરઘર રમવા બેઠાં

ડોસી કહે
હું થાઉં ખુરશી તું ટેબલ
મૂંગેમૂગાં તોય પાસેપાસે રહીશું
ટગરટગર એકમેકને જોયા કરીશું
ડોસો કહે
હું થઈશ વાટકો તું થાજે થાળી
તને દઈશ તાળી
ડોસી કહે
તું કારેલાનું શાક હું ઊની રોટલી
મારી છૂંછી ચોટલી
રમતાં રમતાં રાત પડી,
રાત પડી ને લાગી ભૂખ
ખાલી ગરવું ખાલી ઠામ ખાલી કૂખ
તે ખાંખાંખોળાં કરી કરીને
ડોસો લાવ્યો ચોખાનો દાણો
ડોસી લાવી મગનો દાણો
ચૂલે મૂકી હાંડલી
પણ ખીચડી કેમેય ચડે નહીં
આંખથી આંસુ દડે નહીં
ડોસી કહે આડોશમાં જાઓ પાડોશમાં જાઓ
પા-પોણો કળશો પાણી લાવો
ડોસાના પગ ધ્રૂજે ડગલું ભરતાં ઝૂજે
ડોસી ઊભી થવા જાય
કેડ ન કેમે કરી સીધી થાય
કાચી ખીચડી ખાવા




ખાટલો ખેંચી બેઠાં
બેઠાં....બેઠાં...ત્યાં તો ખાટલો ગયો ખસી
ડોસીબેન પડ્યાં હસી
ને ડોસાભાઈ પડ્યા હસી
સામટાં પડ્યાં હેઠાં
વેરાઈ ગયા દાણાદાણા અડધા કાચા અડધા એઠા
એક ચકો આવ્યો
આવ્યો ને લઈ ગયો ચોખાનો દાણો
એક ચકી આવી
આવી ને લઈ ગઈ મગનો દાણો

રમતાં રમત પૂરી થઈ

ડોસાએ ન ખાધું
ડોસીએ ન પીધું
કીધું, બસ આટલુંક અમથું રાજ કીધું

*આ કાવ્યો અતુલ ડોડિયા માટે.
આગામી કાવ્યસંગ્રહ **વૃદ્ધશતક**માંથી

o....બીબા પર



પડે પડે રે, જોગી ! બીજી ભાત બીબા પર
વળું વળોટી ગઈ છે નિરાંત બીબા પર

લલિત, શું થયું'તું રાતોરાત બીબા પર ?
થયું'તું કોણ તને આત્મસાત બીબા પર ?

કર્યો'તો એવો ઝંઝાવાત એક તરણાએ
છું રાન રાન અને પાત પાત બીબા પર

ન તેજ તેજ હતું કે તિમિર તિમિર ન હતું
ને સૂરદાસની હતી મિરાત બીબા પર

હર્યા છે નખ ને વાળી દીધાં વખને વાણીમાં
લલિતાસુરને કીધા મહાત બીબા પર

અગનનો થાંભલો હશે? ત્યાં ટગલી ડાળ હશે?
ન હો અમસ્તી કીડીની જમાત બીબા પર

પછી અભિયાસ એનો એવો જાગી 'ગ્યો,જોગી !
ગઝલ લખી અને લીધી સમાત બીબાં પર

રૂની પૂણીને પેટાવી માંડ્યું અજવાળું
શરીર થઈને બેઠો'તો જીનાત બીબા પર

લલિતદાસ, સબદ કોણે રે હુલાવ્યો તને ?
ને કોણે વટલાવી મૂકી ગિનાત બીબા પર?
(ઋણ.. આ તે રંગ શેનો હે જી બીબે બીજી ભાત પડી ....સંત કવિ હોથી ....)

o લલિત ત્રિવેદી





o.....હે વ્યાસજી !

હે વ્યાસજી! છે અલગ શ્લોક મારા કાગળમાં
સડક ને સગડીના છે લોક મારા કાગળમાં

સહસ્ર ક્રૌંચનાં અંગો પડ્યાં છે તમસાતીર ,
ન કોઈ શોક કે ન પોક મારા કાગળમાં

અષાઢ અરધે ત્યારે કાલિદાસજી! જોજો
ચૂવાકદૂતના છે થોક મારા કાગળમાં

લખું કદાચ, હે ભર્તુહરિ! સંહારશતક
પડ્યાં છે શબ ઉઘાડેછોક મારા કાગળમાં

અસુર છે કોઈ માયાવી કે કસૂર મારો?
વસે છે કોણ એવું કોક મારા કાગળમાં?

દરદસંહિતા લખું ક્યાં, હે ગણપતિદાદા!
છે નકરા જીવાળુંની નોક મારા કાગળમાં

હું કાવ્યશાસ્ત્રનો છું ઠોઠ નિશાળિયો, મમ્મટ!
તમે જે શીખવ્યું તે ફોક મારા કાગળમાં

o લલિત ત્રિવેદી



o ...રે પેન! (એક દોહા-ગઝલ)

ખડિયાના પોલાણને જાણ ચૂકી રે પેન
ગોતી એક ખાલી જગા બૈઠ ગઈ રે પેન

કોણે રે બાંધી હતી મણ મણ લોઢે પાંખ
નાવણિયું તરવા જતાં ડૂબ ગઈ રે પેન

નહિતર તો મૂક્યા હતા માએ ઝાઝા હાથ
કાગળ ! કોના રૂપમાં મોહ્ય પડી રે પેન

છેવટ તો થૈને રહ્યું રહી ગ્યું હેમનું હેમ
જોગી ! તારા દર લગી ઠેઠ ગઈ રે પેન

ગઝલુંને બક્કી ભરે જેમ જણ્યાંને માત
કાગળના ખોળે જઈ રોઈ પડી રે પેન.

o લલિત ત્રિવેદી

o ચીમન અને સાક્ષાત્કાર



બગીચાની સાર્વજનિક બેન્ચ પર
સપ્તપર્ણીના વૃક્ષ હેઠળ
અદ્‌ભુત સાક્ષાત્કાર સમજણનો !
બે ખિસકોલીઓ ઉપરથી ડોકું તાણી રહી છે.
એક ચકલી, બે કાબર ને ત્રણેક લેલાં
આ ઘટનાથી જાણે સાવ જ બેખબર
(હશે જેવાં જેનાં કરમ !)
ઊડી જવાની ફિરાકમાં છે.
કૅલેન્ડરમાં આ ક્યો દિવસ હતો ? કઈ ઘડી ?
આમ આઘેરુંક એક કૂતરું
આકાશ તરફ ચારે પગ કરીને
યોગનિદ્રામાં ગરક છે.
ડાબી બાજુ એક ડાયાબિટિક ડોહો
ૐનાદનો કરુણ ઘોંઘાટ માંડી બેઠો છે.
બેચાર સ્વયંવિસ્ફારિત ગૃહિણીઓ
હાથપગને આમતેમ હલાવી રહી છે.
પવન તો જાણે સાવ જ પડી ગયેલો છે.
ઘાસની લીલીછમ બિછાત પર
ઝાકળમાં પગલાં પાડતી સમજણ
ચપટી વગાડતામાં જાણે આવી ગઈ !
કેટકેટલી ચોપડિયુંમાં
ખોળી વળ્યો હતો એને ચીમન
સંગીતની ગુંજમાંય એને ગોતતો
ઓછું રઝળ્યો હતો ચીમન ?
-અને આ સમજણ તો જુઓ,
સાવ ખબર ન પડે એમ આવી ગઈ !
ભાઈ ચીમન, તારું ભાગ્ય તો જો
તું કેવો ! તારી અધધધ સમજણ કેવી !
ફરી પાછો પેસી જતો નહીં રોજના રઘવાટમાં
હૂંફાળી ડંફાસોના ખોળે ઝટ ચઢી બેસતો નહીં
આપવડાઈનાં વડાં તળતો
રાંધણિયાની માલીપા ઓળઘોળ રહેતો નહીં
ઝાલી લે ચીમન, આ સમજણને બરાબર ઝાલી લે
મડાગાંઠ વાળીને પકડજે સમજણને
એને આમ આવીને આમ સરકી જવાની કટેવ છે...

o રમણીક અગ્રાવત

૦ સાંજ વેળાએ





૧

સાંજે
તડકાના રેલામાં
ડાળ પરનું
પંખી
પવનમાં લસરકા મારે છે હોંશે હોંશે
થડ પરનાં
જંતુઓ
ટોચે જઈ
તડકાના સોનેરી સરોવરમાં
પોતાનો પદધ્વનિ
સંભળાવે છે
કાળદૂતોને
ઉત્ક્રાંતિનું સત્ય કહો કે
ન્યુટનની શોધ
હું
ઊભો ઊભો મલકું છું
અન્યોન્ય
મારો જ
લંબાતો પડછાયો જોઈ



૨

સાંજના
ચોખંડા અજવાળામાં
મેં
જોયું છે
એક વિશ્વ
જેમાં કરોળિયો
કીડીનો
શિકાર નથી કરતો ક્યારેય
કીડી પણ
કરોળિયાને
ગાંઠ્યા વિના
ફરે છે આમથી તેમ

૩

બજરિયા રંગનું
પંખી
સાવ એકલું રમે છે
ટેકરી પર
સાંજ વેળા
સોનેરી તડકાના
ઝાંખા-પાંખા
વલયો
પડે છે
બોરડીના
ઝાળામાં
પંખી કૂદે છે
તડકાને પાંખમાં ભરી લેવા
આંખમાં સાચવી લેવા
આ
આખાય દૃશ્યમાંથી
પડછાયા સંકેલાઈ ગયા
હવે
માત્ર
પંખીના આવાજનો કંપ
અને
સળવળાટ
હું પણ થઈ ગયો એકલો
પણ
મારી પાસે મારી ભાષા છે
મારી પાસે છે મૌન
પંખીનાં જેવાં જ.



૪

સાવ અજાણ્યું
એક પંખી
વાંસના ઝુંડમાં
બેઠું છે
સાવ અધ્ધરતાલ
સામે
બાવળની કાંટમાં
લેલાંઓ ભેગાં થઈ
કરે છે દેકારો
એને જોઈ
ખિસકોલી કૂદે છે
એની આસપાસ
આમ-તેમ
ચિંવું-ચિંવું કરતી ચકલીઓ
પીળી કરેણ પર ફરે છે
ચીલઝડપ
ગોળગોળ
અજાણ્યું પંખી તો
બધા વચ્ચે
લપાતું જાય છે
સાંજ થતાં
વાંસના ઝુંડમાં
હોલો ગળું ફૂલાવી
એને આપે છે ખાત્રી કે
એ એકલું નથી
બધાં જ
એનાં છે સાથી-સંગાથી
તો પણ
પંખી
બેઠું રહે છે
અવાચક
એ શું
મારી જેમ જ
આવી ચડ્યું હશે અહીં

o **કૌશિકરાય પંડ્યા**

o સમકાલીન પંજાબી કવિ સુરજિત પાતરનાં કાવ્યો

o અનુવાદઃ હરીશ મીનાશ્રુ



સુરજિત પાતર

૧

મેડલિન શહેરમાં કવિસંમેલનના દિવસોમાં
ઉબ્રેરુ પાર્કમાં
એક છોકરું આવ્યું મારી કને, સાયકલ પર
મારી પાઘડી ને દાઢી જોઈ પૂછવા લાગ્યું
" શું તમે જાદુગર છો ?"

હું હસવા લાગ્યો
કહેવા જતો'તો 'ના', પણ અચાનક બોલી ગયો, હા, હું જાદુગર છું.
હું આસમાનના તારા તોડી કિશોરીઓ માટે ગૂંથી શકું છું હાર
વૃક્ષોને બનાવી શકું છું વાજિંત્ર
ને વાયુને બજાવનહાર

સાચ્ચે ! છોકરે કહ્યું
તો પછી તમે ઘોડો બનાવી દો મારી સાયકલને
ના રે, ભૈ ! હું નાનેરાંનો નહીં, મોટેરાંનો જાદુગર છું
તો પછી મહેલ બનાવી દો અમારા ઘરને
ના રે ! સાચી વાત તો એ છે કે હું ચીજવસ્તુઓનો નહીં
જાદુગર છું શબ્દનો
ઓહ ! હવે સમજ્યો, તમે કવિ છો !

છોકરું સાયકલ ચલાવતું હાથ હલાવતું
ચાલ્યું ગયું પાર્કની બહાર
ને ઘૂસી ગયું મારી કવિતામાં





હરીશ મીનાશ્રુ

૨

મારી માને મારી કવિતામાં કશી ગતાગમ ના પડી
અલબત્ત, એ મારી માતૃભાષામાં લખાયેલી હતી

એને તો કેવળ એટલું સમજાયું
દીકરાના જીવને દુઃખ છે કશું

પણ એને દુઃખ આવ્યું ક્યાંથી મારા હોવા છતે
જરા વધારે ધ્યાનથી જોઈ
મારી અભણ માએ મારી કવિતા

જુઓ લોકો
મારા પેટનો જણ્યો
માને છોડીને
દુઃખ બતાડે છે કાગળિયાંને

મારી માએ કાગળ ઉઠાવીને છાતીએ ચાંપ્યો
કદાચ એમ કરતાંય
થોડો નજીક આવે મારો છૈયો.



o ન્યુ યોર્કના દૈનિક જીવનમાં કવિતા



પ્રીતિ સેનગુપ્તા

ન્યુ યોર્ક સિટી. ન્યુ યોર્ક રાજ્યનું એક શહેર ન્યુ યોર્ક સિટી. એ અમેરિકા દેશનું તો નહીં જ, પણ ન્યુ યોર્ક રાજ્યનું પાટનગર પણ નથી. પણ તો શું? એ દુનિયા આખીનું મહાનગર છે, અને ઘણાં ક્ષેત્રોમાં એ એટલું બધું આગળ પડતું અને અગત્ય ધરાવતું શહેર છે કે એને તે ક્ષેત્રનું ‘કૅપિટલ’ કહે છે. જેમ કે, વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિકનું વર્લ્ડ કૅપિટલ, કે પૉપ મ્યુઝિક નું, કે ઑપેરાનું, કે મૉડર્ન ડાન્સનું, કે કન્ટેમ્પરરી પેઇન્ટિંગનું કે વર્લ્ડ ફાઇનાન્સનું વગેરે. સાથે સાથે હું કહીશ કે ન્યુ યોર્ક સિટી સાહિત્યનું પણ વર્લ્ડ કૅપિટલ છે.

સાહિત્ય એટલે શબ્દનું કળાત્મક, સર્જનાત્મક સંયોજન; ને એટલે એમાં કવિતાનો પ્રકાર પણ આવી જાય. બહુ સ્નેહથી “ન્યુ યોર્ક ન્યુ યોર્ક” તરીકે સંબોધાતા આ નગરમાં કવિતા જાણે સર્વત્ર પ્રગટ થતી રહે છે. સૌથી પહેલાં ઉલ્લેખ કરું રોજના જીવનમાં જે અત્યંત આવશ્યક છે તે સબ વે કહેવાતી, ભૂગર્ભ રેલનો. દરરોજ, ખરેખર, લાખો લોકો માટે એ જીવનનું અભિન્ન અંગ છે. મોટા ભાગે પૃથ્વીના પડની નીચે, ક્યાંક તો ઘણે ઊંડાણે, ગાજતી, ગર્જના કરતી રહેતી ને અમુક હિસ્સામાં બહાર નીકળી આવતી, આ ટ્રેનો છે તો એક સર્વસામાન્ય જરૂરિયાત, પણ એને પણ સાહિત્યિક સ્પર્શ આપવામાં આવતો હોય છે.

તે કઈ રીતે? વેલ, દરેક સબ-વેની કેટલીક બોગીમાં સરસ રીતે પ્રિન્ટ કરેલી, પોસ્ટર-સાઇઝમાં ફ્રેઇમ કરેલી કવિતાઓ જોવાં ને વાંચવાં મળે છે. જો કે એ છે તે જોવું સહેલું છે. ડોક લંબાવીને એ ખૂણામાં કે દિશામાં જોઈ શકાય; પણ જો ભીડ હોય ને દૂર ઊભાં હોઈએ, તો હંમેશાં એ પોસ્ટરની પાસે જવું ને કવિતા વાંચવી શક્ય ના બને.

કાવ્ય-બીનાના આ આવિર્ભાવ ને “પોએટ્રી ઇન મોશન” કહે છે. ગતિમાન કવિતા. ગતિ તો સબ-વે કરી રહી છે, પણ આ શબ્દોને પણ પોતાની ગતિ છે, એવો અર્થ અભિપ્રેત હશે – કવિતા આમ જાહેર જન-જીવનમાં શોભનીય સ્થાને મૂકવાનું વિચારનારના મનને? હંમેશા વંચાતી નથી આ કવિતા ને નજીક હોઉં ને વાંચું ત્યારે પંક્તિઓ લખી લેવાનું ફાવતું નથી. વાંચવાનું ત્યારે જ બને જ્યારે એક હાથે ઊંચે રહેલું હેન્ડલ પકડ્યું હોય. વળી, સબ-વેનો જબ્બરનો હચમચાટ હોય. તેથી કાગળ કાઢો, પેન કાઢો, લખો – પણ ના; કઈ રીતે? એક હાથે પેલું હેન્ડલ તો પકડી જ રાખવું પડે. નહીં તો પડ્યા ને પટકાયા જ સમજો.

તેથી પંક્તિઓ વાંચીને, કવિનું નામ વાંચીને સંતોષ પામવાનો હોય. મેં જોયું છે કે ક્યારેક જાણીતા અમેરિકન કવિઓને યાદ કર્યા હોય છે. ક્યારેક નામનો કોઈ સંદર્ભ જ ના રહે, કારણકે એ સાવ અજાણ્યાં હોય. કોઈવાર ડ્રગની લતમાંથી છૂટી હોય તેવી વ્યક્તિઓની પંક્તિઓ પણ વાપરી હોય. રોગીઓ માટે પણ કવિતાની થેરપિ કામમાં લેવાતી હોય છે.

ન્યુ યોર્કના રસ્તા પર ચાલતાં કોઈ વાર એવું પણ બન્યું છે કે લાંબા વાળ, વધારેલી દાઢી, જૂનાં જેવાં કપડાં પહેરેલો સૂકલકડી માણસ હાથમાં થોડા કાગળ લઈને ઊભો હોય, ને આવતાં-જતાંને પૂછતો હોય, કવિતા માટે એક ડૉલર આપશો? એક ડૉલરની કવિતા લેશો? સીધી ભીખ નહીં, પણ કંઈક આવક થાય ખરી. કહીએ તો તત્કાળ વાંચી પણ સંભળાવે. એને પેટ ભરવું હોય છે, તે સ્પષ્ટ છે;

પણ કવિતા લખીને એ પોતાનું મન પણ ભરતો હશે ને.

બોટાનિકલ ગાર્ડનમાં જાઓ તો વસંતકાળે વિકસિત થતાં ઑર્કીડ ફૂલોનો વિસ્મયકર આડંબર જોવા મળે. ઉપરાંત, એના સહ-પ્રદર્શનમાં "પોએટ્રીવૉક" - કાવ્ય સાથે ચલન - જેવું નામ આપીને એલિઝાબેથ બિશપ, જેમ્સ મેરિલ, રિચર્ડ વિલ્બર જેવા, અમેરિકન કવિઓની કાવ્ય-પંક્તિઓ મોટા બોર્ડ પર છાપીને મૂકેલી દેખાય. એમાં ઑર્કિડ ફૂલોનો સંદર્ભ આવે જ એવું કંઈ નથી. ઑર્કિડ જેમાં ખીલતાં હોય તે ઋતુમાન વિષે, વસંતકાળને અનુરૂપ ભાવ છતો થાય પંક્તિઓમાંથી.

પોએટ્રી સોસાયટી નામની સંસ્થાએ આ બોર્ડ તૈયાર કરી આપ્યાં છે. સબ-વેમાંનાં પોસ્ટર પણ એમણે જ કરેલાં છે. અરે, શહેરનાં વિખ્યાત પ્રાણીગૃહમાં પણ આવાં બોર્ડ મૂક્યાં છે, જેમાં બાળકોને મઝા પડે એવાં કાવ્યો પસંદ કરાયાં છે.

આ સંસ્થા એકસો ચાર વર્ષથી હયાત છે. એના તરફથી કાવ્ય-વાચનના કાર્યક્રમો પણ યોજાતા રહે છે. એ બધા કાર્યક્રમો તો મોટે ભાગે નિઃ શુલ્ક હોય છે, પણ જ્યારે ફન્ડ-ફાળા ભેગા કરવા રાત્રી-ભોજનનો સમારંભ યોજાય ત્યારે એનો ચાર્જ પાંચસો ડૉલર હોય છે. આવા દાન પર જ આવી સંસ્થાઓ ચાલતી હોય છે. અમેરિકાની સરકાર હવે કળા-ક્ષેત્ર માટે બહુ પૈસા ફાળવી શકતી નથી.

બીજી એક સંસ્થાનું નામ છે "પોએટ્સ હાઉસ" – કવિઓનું ઘર. કવિતાનું પણ એ ઘર છે. ન્યુ યૉર્કની હડસન નદી પર, લીલી લૉનવાળા મોટા, ખુલ્લા ઉદ્યાનની સામે, અનેક ફંડ-ફાળા ઉઘરાવ્યા પછી, ધીરે ધીરે કરીને એક સુંદર મકાનમાં આ સંસ્થા સ્થાયી છે. એની લાયબ્રેરીમાં સાંઠ હજાર જેટલાં વિશ્વ-કવિતાનાં પુસ્તક છે. નાની-મોટી કોઈ પણ વ્યક્તિ ત્યાં મુકાયેલા સોફા પર બેસીને કોઈપણ પુસ્તક વાંચી શકે છે.

સભ્ય બનવા માટે અપીલ પણ કરવામાં આવતી જ હોય છે. અલબત્ત, દબાણ નહીં. ત્યાં યોજાતા કાવ્ય-વાચનના કાર્યક્રમો સભ્યો માટે ફ્રી હોય છે. ક્યારેક કોઈ કાર્યક્રમ બધા માટે પણ ફ્રી હોઈ શકે. ગ્રાન્ટ મળી છે કે નહીં, ને કેટલી મળી છે તેના પર આધાર. વર્ષ દરમ્યાન બે-ત્રણ વાર કાવ્ય-લેખનના વર્ગો માટે ચાર્જ હોય છે.

બે વર્ષથી પોએટ્સ હાઉસમાં રાતવાસો કરવાનો કાર્યક્રમ ગોઠવાય છે. એને માટે પણ ચાર્જ હોય છે. જેને મન હોય તે બધાં સાંજથી ત્યાં પહોંચી જાય, થોડું ખાવા-પીવાનું હોય, અને બધાં વાતોચીતો કરે, એકમેક સાથે ઓળખાણ કરે, કવિતાની જ વાતો થાય એવું કંઈ નહીં, પછી પુસ્તકોથી ખીચોખીચ ભરેલા સ્ટેક્સની વચમાંની જગ્યામાં પથારી કરી – એટલેકે પોતાની ઘેરથી લાવ્યા હોય તે સ્લીપિંગ બૅગ ખોલી સૂઈ જવાનું. જગ્યા સાંકડી, પણ અવકાશમાં વિશ્વ-કવિતાની વિશાળતા. પછી ઊંઘમાં પણ, સ્વપ્નમાં પણ કવિતા આવે, ને કલ્પનાની પાંખે દૂર દૂર વહી લઈ જઈ શકે. રાતવાસાનું આ કલ્પન સારું છે, અને નૉન-પ્રૉફિટ સંસ્થા માટે પૈસા ઉપજાવવાનું આ કારણ પણ સારું છે, પણ આ સમાજના કેટલાક બોહેમિયન જેવા સદસ્યો જ કદાચ આ રાત્રી-પ્રવૃત્તિમાં ભાગ લેતા હશે. પણ પૈસા આપ્યા કે લીધા સિવાયનો, કવિતાના પ્રચાર માટેનો, એક વધારે સંવેદનશીલ આઇડિયા છે- કવિતાને સાથે લઈને આખો વખત ઘૂમવાનો. "પોએમ ઇન ધ પૉકેટ" ખિસ્સામાં કવિતા- કરીને એક દિવસ શરૂ કર્યો છે. બીજા ખેંચીતાણીને બનાવાયેલા 'દિવસો' કરતાં આ "ખિસ્સામાં કવિતા દિન" વધારે શબ્દ-સ્નેહાર્દ લાગે છે.

અકાદમી ઑફ અમેરિકન પૉએટ્સને ઍંશી વર્ષ થયાં. એની ઉજવણી એમણે "પોએટ્રી ઍન્ડ ધ

ક્રિએટિવ માઇન્ડ" નામથી કરી. લિન્કન સેન્ટર નામના સંગીત-નૃત્ય-નાટક માટેના અપૂર્વ કૉમ્પ્લેક્સના એક બહુ સુંદર અનુષ્ઠાન-ગૃહમાં, બીજી સાહિત્યિક સંસ્થાઓ, પુસ્તકાલયો, અને શહેર તથા રાજ્યનાં સરકારી સાંસ્કૃતિક ખાતાંઓ વગેરેના સાથમાં, આ કાર્યક્રમ સંપન્ન થયો. એમાં ભાગ લીધો કેટલાક કવિઓએ તેમજ કેટલાક ખૂબ જાણીતા અદાકારોએ. બધાં કાવ્યો તથા સર્જનાત્મક શબ્દોનું પઠન કર્યું.

કાર્યક્રમ એકદમ સમયસર શરૂ થયો, અને અહીંની પ્રથા પ્રમાણે બે કલાકમાં સમાપ્ત થયો. કોઈની ઓળખાણ આપવાની જ નહીં, કેવળ નામ જ બોલવાનું કારણકે સાંભળનાર સુજ્ઞજનો જ હોય, અને વાંચનારને, વક્તાને એમનાં કાર્યો તથા પ્રાપ્તિઓ દ્વારા જાણતાં જ હોય.

ન્યુ યોર્ક શહેરમાંનું ગ્રાન્ડ સેન્ટ્રલ કહેવાતું સ્ટેશન જ્યારે એકસો તેર વર્ષનું થયું ત્યારે તો આખું વર્ષ ઉજવણી ચાલી. ચિત્રોનું પ્રદર્શન, ટ્રેનોના મૉડેલ્સનું પ્રદર્શન, સબ-વે ટ્રેનોના ઐતિહાસિક ફોટાનું પ્રદર્શન, ગ્રાન્ડ સેન્ટ્રલના ઇતિહાસ પર વ્યાખ્યાનો, સ્ટેશનના બિનજાહેર હિસ્સાઓની ટુર વગેરે જાત જાતના કલ્પનાસભર આયોજન ગોઠવાતાં રહ્યાં.

એમાં કાવ્ય-વાચનના પણ આયોજનો હતાં. શહેરના કવિઓએ સ્ટેશન તથા શહેરને લગતાં સ્વરચિત કાવ્યો વાંચ્યાં. અમુકના પોસ્ટર, ફોટોકૉપી, બૂકમાર્ક વગેરે સાંભળવા આવેલા નાગરિકોને માટે ભેટ તરીકે રાખવામાં આવેલાં. વર્ષોથી જાણીતું, અને પોતીકું બનેલું સ્ટેશન સામુહિક ઉત્સાહથી તરવરતું રહ્યું. સ્ટેશનની અંદરના વિશાળ હૉલમાં ચાર મોઢાંવાળું એક મોટું ઘડિયાળ છે, ને છત પર ખગોળનાં રેખાંકન છે. આ સ્ટેશન પર લખેલું કાવ્ય કવિ બિલ કૉલિન્સે વાંચ્યું. એમાં શહેરની વસ્તીનો પણ સંદર્ભ છે. એની કેટલીક પંક્તિઓ છેઃ

> ત્રિભુવનનાં એંશી લાખ કેંદ્રોની આસપાસ ચક્કર મારતું રહે છે આ શહેર
> અને આ સ્થાનના સ્થિર બિન્દુ પર રહેલા સોનેરી ઘડિયાળને ફરતે ફરે છે.
> તારાઓ મઢેલી છતની નીચે
> અને તમે જાણશો કે તમે ક્યારે ને ક્યાં છો.



o 'કવિતા નામે સંજીવની'

કંઈક કશુંક અથવા તો, રાગાધિનમ, કિલ્લેબંધી બાદ સંજુ વાળાનો કવિતા નામે સંજીવની સંગ્રહ આવ્યો છે. અગાઉ ગ્રંથસ્થ ન થઈ હોય તેવી રચનાઓ કવિએ આ સંગ્રહમાં સમાવી છે. કવિ સંજુ વાળાએ પોતે જ આ સંગ્રહ વિશે ખૂબ જ વિસ્તૃત કેફિયત લખી છે. જેમાં કવિનું કવિ તરીકેનું સર્જન કઈ રીતે થયું, ક્યા સંજોગોમાં થયું તેની વિગતે વાત લખી છે.

કવિ લખે છેઃ 'કવિતા નામે સંજીવની'માં અત્યાર સુધી રચાયેલી અગ્રંથસ્થ ગઝલ સમાવિષ્ટ છે. ગઝલ એક કાવ્ય પ્રકાર છે, અને કવિતામાં જે કંઈ સંભવી શકે એ બધું જ ગઝલમાં પણ સંભવે એવી સ્પષ્ટ અભિજ્ઞા છે. એના ભાષા વિભાવ અને અભિવ્યક્તિમાં સતત કાવ્યત્વ તાગવાની મથામણ છે એ સામે રાખીને ગઝલનું ભાવન થવું ઘટે. ગઝલમાં બહર જળવાવી જ જોઈએ. એ જાળવવા તમામ શક્ય વિકલ્પો વિચારવા જોઈએ તેવી સમજ હોવા છતાં બેચાર મિસરામાં કવિતા કે પસંદગીના શબ્દ-પ્રયોજનના વિકલ્પે છંદ સિદ્ધ કરવાનો આગ્રહ નથી જ રાખ્યો. કવિએ કવિતા કરવાની હોય છે, છંદ સિદ્ધ નહીં."

આ કવિએ એ રીતે પોતાની કવિતામાં કાવ્યત્વ સિદ્ધ કરવાનો સતત પ્રયત્ન કર્યો છે અને એ મથામણના કાવ્યાત્મક પુરાવાઓ આપ્યા છે. એનો આપણને સૌને આનંદ છે. આખા સંગ્રહમાંથી પસાર થતાં તેની નક્કર પ્રતીતિ થાય છે.

બસ આટલું કહી, હું મને ગમેલા કેટલાક શેર અહીં માણવા માટે રજૂ કરું છું -

જરૂર ત્યાંથી જ વાણીનો આદિ કણ જડશે,
આ અર્થહીન અવાજોના દળ તપાસીએ.

અંદરના ઊભરાની અંગત કરી ઉજાણી
લંબાવી હાથ જાતે જાતે જ દીધી તાળી.

કોઈને સુખ કોઇને ન્યોચ્છાવરી જિવાડશે
અમને કવિતા નામની સંજીવની જિવાડશે.

ક્યાં પહોંચવાની ધખના ક્યાંની જપો છો માળા
ઘર પોતે આમ તો છે હરદ્વાર ને હડાળા.

ગરવી ગઝલના જાણે બે રસ છલકતા મિસરા
પહેલો તે સંજુ વાળા બીજોય સંજુ વાળા.

પરચો બતાવશે પછીથી પીર થઈ જશે
આખું શરીર દુઃખની જાગીર થઈ જશે.

તું કેદારો તું મંજીરા તું જ ચદરિયા જીની
રે ભજનોની નિત્ય અનુપા! ભવ્ય ગઝલ ગુજરાતી.

અર્થા વ્યર્થા સદ્ય સમર્થા તું રમ્યા તું રંભા,
તું મારી ભાષામાં ભૂપા! ભવ્ય ગઝલ ગુજરાતી.



જિતુ પુરોહિત



કાજળ બનીને આવો કે જળ બની પધારો
પાંપણની નમણી બીજી ક્યાં કોઈ પાલખી છે.

હરિ અનંત હરિકથા અનંતા-
પહેરણ વણતા પ્રગટી કંથા
નહિ ધાતુ નહિ છમ કાષ્ઠ નહિ
કઈ દાંડી ક્યાં બાજત ડંકા

આ તે કેવા દીધા દિન કરીએ ક્યાં ફરિયાદ
બહુ હલાવ્યા હાથ પણ વાગી નહીં કરતાલ

વિકસતા નીચે નમે નિશદિન દે સુગંધ
સાધો એવા વૃક્ષની છો કડવી હો છાલ

છે સૂક્ષ્મ કિંતુ સક્ષમ આ કાવ્ય નામે ઔષધ
ચાખો પીઓ કે ચાટો ખાંડી દળી કે વાટી.

કવિતા નામે સંજીવની
કવિ - સંજુ વાળા
પ્રકાશકઃ- ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર ૧૭, ગાંધીનગર
કવિ-સંપર્કઃ- ૯૮૨૫૫૫૨૭૮૧
પાનાંઃ-૮૮+૧૬ કિંમતઃ-૬૦ રૂપિયા

o આ અંકના ફોટોકલાકાર



રોમાનિયાના આશાસ્પદ યુવા ફોટોકલાકાર કારસ ઈયોનુત્સ (Caras Ionut)ની કળા આ અગાઉ અહીં પ્રદર્શીત થઈ ચુકી છે. વાચકોની ઈચ્છાને માન આપી તેમનું કામ ફરીથી મૂકી રહયા છીએ.
'નિસ્યંદન'ના વાચકો તેમનાથી પરીચીત છે જ. સ્વપ્નોના અતિવાસ્તવને કળામાં કંડારવા મથતા આ કળાકારે ફોટોકલાને જ જીવન બનાવી દીધું છે. આ તેમની આજીવીકાનું સાધન પણ છે. તેમનું કામ અનેક આંતરરાષ્ટ્રીય માધ્યમોમાં પોંખાઈ રહ્યું છે. ગુજરાતી ભાષા ન જાણવા છતાંય તેમને આ સામયિક (જોવું) ગમે છે. તેમણે તેમના અંગત પોર્ટફોલીયોમાં 'નિસ્યંદનન'ના પૃષ્ઠો મૂક્યા છે.

તેમનું કામ તેમની વેબસાઈટ http://carasdesign.com અને http://500px.com/carasionut ઉપર જોવા મળે છે.
.

o સાહિત્યવૃત્ત




કવિશ્રી મનોહર ત્રિવેદીને તા.૨૭/૧૦/૨૦૧૫ ના રોજ સણોસરા મુકામે વર્ષ ૨૦૧૫નો નરસિંહ મહેતા ઍવોર્ડ પૂ. મોરારીબાપુના વરદ હસ્તે એનાયત થયો.

o આપના પ્રતિસાદ......

નિસ્યંદન જૂન ૨૦૧૫ નો અંક ખૂબજ રસ પૂર્વક વાંચ્યો. તમારા સંપાદકીય લેખમાં પોએટ્રી ફાઉન્ડેશન વિષેની માહિતી ખૂબજ ગમી. અંતમાં આપની ટકોર પણ વિચારણીય છે. મહેન્દ્ર જોશીની અછંદાંસ રચના ચોટ કરી ગઈ. રમણીક અગ્રાવતની અછાંદસ રચના સાંપ્રત માણસની સમસ્યાની વાત કરે છે. વીરુ પુરોહિતની બંને રચનાઓ સુંદર છે. કુલદીપ કારિયાની ગઝલો મનનીય રહી. ઈંદુ જોષીની કવિતાનાં શબ્દચિત્રો સચોટ છે. ‘સાહિલ’ની ગઝલો માણી. Bavli Purohitનું અંગ્રેજી કાવ્ય સારું છે. મલયાલમ કવિ એસ. જૉસેફ વિષે જાણી આનંદ થયો, એમની કવિતાના ભાવાનુવાદ સરસ રીતે કરાયેલા છે. એમની કવિતાઓમાં પ્રાકૃતિક સૌંદર્ય સાથે છૂપી વેદના અનુભવાય છે. કવિ શ્રી વિનોદ જોષીને પણ ભૂલ્યા નથી, સવિષેશ આનંદ. વડોદરાના ચિત્રકાર કવિશ્રી પીયૂષ ઠક્કર વિષે જાણ્યું, માણ્યું, ગમ્યું. “આમને આમ પડ્યો રહીશ તો, ભાષાની પીઠ પર ભાઠા પડશે.” વાહ! વાહ!
આ વખતના અંકમાં લેવાયેલા ફોટોગ્રાફસ ખૂબજ ગમ્યા, અને ફોટોગ્રાફરને પણ ઓળખ્યા. ‘નિસ્યંદન’ની મણિપુરનાં અંગ્રેજી દૈનિકોએ નોંધ લીધી અને તમારૂં આંતર રાજ્ય-ભાષાની કવિતાનું આચમન કરાવવાનું સ્વપ્ન પણ સફળ થયું. અભિનંદન અને શુભકામનાઓ સાથે **ડૉ. પુરૂષોત્તમ મેવાડા, ‘સાજ’**

અમારા જેવા વિદેશમાં બેઠેલા જયેષ્ઠ વયસ્કોને ગુજરાતી કવિતાઓ અને પરદેશી ચિત્રકારોની કલાનો આસ્વાદ કરાવો છો તેને મોટી સેવા માનું છું. આજ સુધી કવિતાનાં અનેક પુસ્તકો / ઈબૂક મેં જોઈ, વાંચી તેમાં તમારું સામાયિક સાવ અનોખી છાપ ઊભી કરે છે તેનો મને ગર્વ છે, ઉત્તરોત્તર પ્રગતિ સાથે લોક ચાહના મેળવો અને વિજયવંત માર્ગે પગલાં ભરી મા ગુર્જરી, ગુજરાતી જાતિ અને વતનનું નામ રોશન કરો એવાં તમારી સમ્રગ ટીમને આશીર્વાદ ,,,,, **જિતેન્દ્ર પાઢ**


શ્રદ્ધાંજલિ



કવિશ્રી પ્રફુલ્લ નાણાવટી
૮/૯/૧૯૩૦ ૧૯/૮/૨૦૧૫



કવિશ્રી મનોહર ત્રિવેદી



રિસામણે જતી કુળવધૂનું ગીત

કાંખમાં મેલ્યું છોકરું, માથે પોટકું, ખાલી પિ'ર -
પગમાં ઠસ્સાભેર ઉતાવળ સાગરી ઊડે જેમ કે ઊડે આભમાં કોયલ-કીર -
મરને માથાબંધણું મેલું હાર જોઈ સંભારતો
ભાવડ પૂછતો, મારા ગામના : મારે શું ?
જીવ રાફોજોળ રાખશું, ભરત ભરશું
આઠે પો'ર ફિલોળાં ફાંસકે અને હું
મારી બળારાત વઠે ઉજાગરા વઠે વ્રત વઠે અપવાસ નીતારે આંખ્યથી ઊનાં નીર -
આંય તો મીઠી માવડી ખીલે ગાવડી
સખીસૈયરું, પૂછે ભાઈ અને ભોજાઈ
ત્યાં સૂનાં- અણોસરાં તોરણ- તકતા
ભીંત્યું અડવી, ઝાંખા ઓરડા ને અભરાઈ
કુંવર બાલામૂઈ થઈ આફૂડી ગઈ'તી ના'વા સાવ કોરીધાકોર નદીને તીર -
કાંખમાં મેલ્યું છોકરું, માથે પોટકું, ખાલી પિ'ર

— મનોહર ત્રિવેદી

હમણાં જેમને પ્રતિષ્ઠિત નરસિંહ મહેતા ઍવોર્ડ એનાયત થયો તેવા કવિશ્રી મનોહર ત્રિવેદીનું આ ગીત ઘણાં વર્ષ પહેલાં લખાયેલું હોવા છતાં આજે પણ તાજું લાગે છે. લોકબોલીનો વિનિયોગ, તેની 'ઠસ્સાભેર' ગતિ અને ગ્રામ્ય પરિવેશનું સંઘેડાઉતાર નિરૂપણ તેને આસ્વાદ્ય બનાવે છે.